# ઐતિહાસિક ચુકાદો : ૩૮ આરોપીઓને ફાંસી

## દેશમાં પ્રથમવાર એકસાથે સૌથી વધુ આરોપીઓને ફાંસીની સજા

### અમદાવાદમાં ૨૦૦૮ના સિરિયલ બ્લાસ્ટના દોષિત ૪૯ પૈકી ૩૮ને ફાંસી તથા ૧૧ને જીવે ત્યાં સુધી કેદની સજા

### મૃતકોને ૧ લાખ રૂપિયાનું વળતર, ઇજાગ્રસ્તને ૫૦ હજાર વળતર અને સામાન્ય ઈજાગ્રસ્તને ૨૫ હજારનું વળતર આપવા આદેશ

અમદાવાદ, તા.૧૮

વર્ષ ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા બ્લાસ્ટ કેસનો આખરે ચૂકાદો આવી ગયો છે. આ ચૂકાદો ઐતિહાસિક બની ગયો છે કારણ વિશ્વના ઈતિહાસ પ્રથમવાર એવું બન્યું હશે કે એકસાથે ૩૮ આરોપીઓને ફાંસીની સજા સંભળાવવામાં આવી હોય, યુએપીએ એક્ટ હેઠળ ફાંસીની સજા સંભળવવામાં આવી છે. આ ઉપરાંત ૧૧ આરોપીઓને આજીન કેદની સજા ફટકારવામાં આવી છે. સ્પેશિયલ કોર્ટે એમ કુલ ૪૯ આરોપીની સજાનું એલાન કર્યું હતું. સાથે જ મૃતકોને ૧ લાખ રૂપિયાનું વળતર, ઈજાગ્રસ્તને ૫૦ હાજર વળતર અને સામાન્ય ઈજાગ્રસ્તને ૨૫ હજારનું વળતર આપવા આદેશ કરાયો છે.

મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને કોર્ટ અને તેની આસપાસ ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કેસમાં કોર્ટે ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને સજા માટે ૧૮ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી હતી.




ઉલ્લેખનીય છે કે, ૨૦૦૮માં અમદાવાદના વિસ્તારોમાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટ થયા હતા. સ્પેશિયલ જજ એ.આર.પટેલની કોર્ટે આદેશ પસાર કરવાની તારીખ ૧૮ ફેબ્રુઆરી નક્કી કરી હતી અને આજે શુક્રવારે આ અંગે પોતાનો ચુકાદો આપ્યો હતો.

આ શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો ૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદમાં થયા હતા. ૭૦ મિનિટમાં ૫૬ લોકોના મોત થયા હતા. આ બોમ્બ વિસ્ફોટોમાં ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ઘટનાના બાદ આ કેસ ૧૩ વર્ષથી વધુ સમય સુધી કોર્ટમાં ચાલ્યો અને ગયા અઠવાડિયે વિશેષ અદાલતે ૪૯ લોકોને દોષિત જાહેર કર્યા હતા અને અન્ય ૨૮ લોકોને નિર્દોષ જાહેર કર્યા હતા.

અમિત પટેલે કહ્યું કે, 'સજા પર સુનાવણી પૂરી થઈ ગઈ છે

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૭ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૨, શનિવાર; મહા વદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## એર ઈન્ડિયા ભારત-યુક્રેન વચ્ચે ત્રણ ફ્લાઈટનું સંચાલન કરશે

નવી દિલ્હી, તા.૧૮

યુક્રેન સંકટ વચ્ચે એર ઈન્ડિયા ભારત અને યુક્રેન વચ્ચે ત્રણ ઉડાનોનું સંચાલન કરશે. એર ઈન્ડિયા ૨૨, ૨૪ અને ૨૬ ફેબ્રુઆરીના ભારત-યુક્રેન (બોરિસ્પિલ ઈન્ટરનેશનલ એરપોર્ટ) વચ્ચે ત્રણ ઉડાનોનું સંચાલન કરશે. આ ઉડાનો માટે બુકિંગ શરૂ થઈ ગયું છે અને એર ઈન્ડિયાની બુકિંગ ઓફિસ, વેબસાઈટ, કોલ સેન્ટર અને સત્તાવાર ટ્રાવેલ એજન્ટોના માધ્યમથી કરાવી શકાય છે પરંતુ હજુ સુધી ભારત સરકારે યુક્રેનમાં રહેતા ભારતીયોને પરત બોલાવવાના સંબંધમાં કોઈ જાહેરાત કરી નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ શુક્રવારે કહ્યુ હતુ કે યુક્રેન-રશિયા સરહદ પર ખરેખર શું થઈ રહ્યું છે તે વિશે અમે મજબૂતીથી કંઈ કહી શકીએ નહીં. જ્યાં સુધી સ્થિતિની ગંભીરતાનો સવાલ છે, તે સ્પષ્ટ છે કે જ્યારે અમે કોઈ એડવાઈઝરી જાહેર કરીએ તો એક સમીક્ષા બાદ કરીએ છીએ. પરંતુ હજુ સુધી ત્યાંથી લોકોને કાઢવા વિશે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું, 'યુક્રેનની સ્થિતિ પર અમારી નજર છે. હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે તથા કીવ અને દિલ્હીમાં કંટ્રોલ સ્થાપિત કરવામાં આવ્યો છે. દૂતાવાસ સામાન્ય રીતે કામ કરી રહ્યું છે.' તેમણે કહ્યું કે, ભારતીય દૂતાવાસ વિદ્યાર્થીઓના સંપર્કમાં છે.

## હરામીનાળા પાસેથી વધુ ૭ પાકિસ્તાની બોટ ઝડપાઈ

### એક મહિનામાં બીએસએફએ ૨૦ બોટ ઝડપી

કચ્છ, તા.૧૮

એવું નથી કે પાકિસ્તા માત્ર જમ્મુ-કાશ્મીર બોર્ડર પર જ પોતાની ઘૂણખોરીના પ્રયાસ કરે છે. ગુજરાતની કચ્છ જળ સીમામાં પણ પાકિસ્તાન દ્વારા ઘૂસણખોરી કરવામાં આવી રહી છે. ત્યારે આવી રીતે કચ્છમાં હરામીનાળા પાસે ભારતીય જળ સીમામાં ઘૂસણખોરી કરી રહેલાં પાકિસ્તાનીઓ તરફ મ્જીહ્લએ આકરૂ વલણ અપનાવ્યું છે. મ્જીહ્લ સતત આવા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યું છે. જે બાદ પાકિસ્તાન દ્વારા ભારતીય જળ સીમામાં ઘૂસણખોરીનો વધુ એક પ્રયાસ મ્જીહ્લ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. મ્જીહ્લએ કચ્છના હરામીનાળા પાસેથી સાત પાકિસ્તાની બોટ ઝડપી પાડી છે. મહત્વનું છે કે, મ્જીહ્લ દ્વારા છેલ્લાં એક મહિનામાં ૨૦ જેટલી પાકિસ્તાની બોટ ઝડપી પાડવામાં આવી છે.

## બ્રાઝિલમાં પૂર-ભૂસ્ખલનનો મૃત્યુઆંક વધીને ૧૧૭ થયો

રિયો ડી જાનેરો, તા.૧૮

બ્રાઝિલના પર્વતીય શહેર પેટ્રોપોલિસમાં ગુરુવારે પૂર અને ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૧૧૭ થઈ ગયો છે અને ૧૧૬ લોકો હજુ પણ લાપતા છે. રિયો ડી જાનેરો રાજ્ય સરકારે મૃતકોની સંખ્યા વધી હોવાની પુષ્ટિ કરી છે. ઘણા લોકો માટીમાં દટાયા હોવાની આશંકા છે. ગુરુવારે પૂર અને કાદવને કારણે કાર અને મકાનો પાણીમાં તણાયા હતા. એક વીડિયોમાં બે બસ વહેતી નદીમાં ડૂબતી જોવા મળી રહી છે. શહેરમાં વધુ ભૂસ્ખલનની શક્યતા છે.

અધિકારીઓએ કહ્યું કે, જોખમી વિસ્તારોમાં રહેતા લોકોએ બહાર જવું જોઈએ. સ્થાનિક રહેવાસી રોઝલિન વર્જીનિયાએ કહ્યું કે તેનો ભાઈ માંડ માંડ બચ્યો અને તે તેને એક ચમત્કાર માને છે, રિયો પોલીસે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે લગભગ ૨૦૦ એજન્ટો જીવંત, મૃત અને ગુમ થયેલા લોકોની યાદી બનાવવા માટે ચેકપોઈન્ટ્સ, શરણાર્થી શિબિરો અને શહેરના શબઘરની મુલાકાત લઈ રહ્યા હતા.

રશિયાના પ્રવાસે ગયેલા બ્રાઝીલના પ્રમુખ જેયર બોલસાનેરોએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તેમણે પોતાના મંત્રીઓને ભારે વરસાદને કારણે અસર પામેલા લોકોને તાત્કાલિક મદદ કરવા જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

